## જન્મદિને વધામણી



**અમીતાબેન કિરીટભાઈ પરેરા**
હેલ્થ સુપરવાઈઝર



**જય દિલીપ પ્રજાપતિ**
મો. ૯૩૭૭૫ ૩૭૭૭૦



**લોકેશ પી વંજાણી**
મો. ૯૬૨૪૪ ૪૫૪૬૮

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# હૈદરાબાદ ખાતે નવલેખક શિબિરમાં શહેરના ગુલાબચંદ પટેલ ભાગ લેશે

ગાંધીનગર, તા. ૨૧

હિન્દી નિદેશાલય, નવી દિલ્હીના ઉપક્રમે તેલંગણા હિન્દી અકાદમી દ્વારા તેલંગણા, હૈદરાબાદ ખાતે હિન્દી નવલેખક શિબિરનો આરંભ આગામી તારીખ બીજી જાન્યુઆરીથી થઈ રહ્યો છે.

આ શિબિરમાં ભાગ લેવા માટે ગાંધીનગરના લેખક અને વ્યસન મુક્તિ અભિયાનના પ્રણેતા ગુલાબચંદ એન પટેલને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ગુલાબચંદ પટેલના મૌત કા મુકાબલા અને હરિકૃપા નામે



કાવ્યસંગ્રહ પ્રગટ થયેલા છે. તેઓના અંધેરે કે ખિલાફ કાવ્યસંગ્રહનો ગુજરાતી અનુવાદ પણ પ્રકાશિત થઈ રહ્યો છે. હિન્દી નવલેખક શિબિરમાં ભારત સરકારના નિમંત્રણથી તેઓ દાર્જીલિંગ, પુના, કેરળ તથા હરિદ્વાર ખાતે પણ શિબિરોમાં ભાગ લઈ ચૂક્યા છે. હિન્દી સંમેલન, પ્રયાગના નિમંત્રણથી નાગપુર તથા મુંબઈ હિન્દી સંમેલનમાં પણ તેમણે ઉપસ્થિત રહી શોધ નિબંધ 'શિક્ષાની ભાષા માતૃભાષા' નાગપુર ખાતે રજૂ કર્યો હતો, જેની ખૂબ પ્રશસ્તિ થઈ હતી. છેલ્લાં છ વર્ષથી તેઓ વ્યસનમુક્તિ અભિયાન ચલાવે છે.

ગાંધીનગરના સાહિત્ય જગત તરફથી તેમને આ શિબિર માટે શુભકામનાઓ પ્રાપ્ત થઈ રહી છે.



ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ બ્રાન્ચના જયેન્દ્રભાઈ પરીખ, રામસિંહ (દેના બેન્ક, સે. ૨૨) અને જીલુભા ધાંધલ દ્વારા સેક્ટર-૨૮ના છાપરામાં વસતાં ૩૫ પરિવારોને કરીયાણું અને જીવનજરૂરી ચીજવસ્તુઓનું વેચાણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે અતિ ગરીબ એવા ૫૦ જેટલાં કુટુંબોને કરિયાણું પૂરું પાડવાની તથા તેઓનાં બાળકોને અભ્યાસ કરાવવાની જવાબદારી રેડક્રોસ, ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા સ્વીકારવામાં આવી છે.



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણના મુવાડામાં ૬ ગામોનાં ૧૨૨ વૃધ્ધ નિરાધારોને ૩ કિગ્રી ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સોમવારે સંસ્થા દ્વારા આદરવામાં આવેલા આ સેવાકાર્યમાં પંચાલભાઈ તથા મિલિન્દ ગુપ્તે જોડાયા હતા. આ સેવાકાર્ય ઉપરાંત તેમણે રાધાકુવી સ્કૂલમાં બાળકોને નાસ્તો આપવાનું સેવાકાર્ય પણ બજાવ્યું હતું.

# 'કલાકૃતિ' ફેસ્ટમાં દિલ્હી પબ્લિક સ્કૂલ વિજયી બની



હિલવૂડ્સ સ્કૂલ, ગાંધીનગર ખાતે આયોજિત 'કલાકૃતિ' ફેસ્ટમાં શહેરની કુલ ૮ શાળાઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ભાગ લઈને દિલ્હી પબ્લિક સ્કૂલે ટેકનોફેસ્ટ, આર્ટ કોમ્પીટીશન, ડાન્સ કોમ્પીટીશનમાં વિજેતા બનીને તથા પ્રથમ સ્થાન જાળવી રાખીને ગાંધીનગર જિલ્લામાં સર્વશ્રેષ્ઠ શાળા તરીકે બહુમાન ઉપરાંત રનીંગ શિલ્ડ પણ પ્રાપ્ત કર્યો હતો. શાળા પરિવાર દ્વારા આ વિજય બદલ વિદ્યાર્થીઓ, શિક્ષકો પ્રતિ અભિનંદનની લાગણી પ્રગટ કરવામાં આવી છે.

# જે એમ ચૌધરી કન્યા વિદ્યાલય નિબંધ સ્પર્ધામાં જિલ્લામાં વિજેતા

ગાંધીનગર, તા. ૨૧

ટાટા બિલ્ડીંગ એસોસિએશન દ્વારા પ્રતિવર્ષ યોજાતી ટાટા એસે કોમ્પીટીશનમાં આ વર્ષે ગાંધીનગરની શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ), સેક્ટર-૭ની વિદ્યાર્થીની કિરણબેન બાબુભાઈ ચૌધરી (૧૨ કોમર્સ) સમગ્ર જિલ્લામાં પ્રથમ ક્રમે વિજેતા બની છે. મેડિકલ એસોસિએશન હોલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે આ સ્પર્ધા આયોજિત કરવામાં આવી હતી અને નિબંધનો વિષય હતો 'ડિજીટલ ટેકનોલોજી'.

આ વિજય બદલ કિરણબેનને જેઆરડી તાતા સંસ્થા તરફથી ઈનામ સ્વરૂપે હોમ થિયેટર, ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. શાળા પરિવાર વતી તેમને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં શિક્ષકો માટે તાલીમ યોજાઈ

## શિક્ષકોને સોફ્ટ સ્કીલ્સની તાલીમ અપાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા ખાતે શિક્ષકો માટે એક દિવસીય તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સોફ્ટ સ્કીલ્સ અંગેની તાલીમ શિક્ષકોને આપવામાં આવી હતી.

વર્તમાન શિક્ષણ પ્રણાલિમાં સોફ્ટ સ્કીલ્સનો ઉપયોગ કેવી રીતે કરવો તેના વિશે પણ તેમને સમજૂતી આપવામાં આવી હતી અને પ્રવૃત્તિ સાથે વિદ્યાર્થીઓને જ્ઞાન સાથે ગમ્મત પૂરું પાડવાની પદ્ધતિ શીખવવામાં આવી હતી. આ શિબિરમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## ડાયરેક્ટ ❤ સે

તારો અને મારો સંબંધ
'લાગણી' નામના દોરથી
ગૂંથાયેલો છે,
'માગણી' નામના દોરથી નહીં
- નાદિયા હિમાની

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ફોર્સ-૨
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
ફેન્ટાસ્ટિક બીસ્ટ્સ
(હિન્દી, ૩ડી)
૪.૦૦, ૯.૪૫
ફેન્ટાસ્ટિક બીસ્ટ્સ
(અંગ્રેજી, ૩ડી)
૧૦.૦૦, ૭.૦૦

**સ્ક્રીન-૫**
ફોર્સ-૨
૧૦.૦૦
તુમ બિન-૨
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું મધુરું બાળપણ'**

# વડનગરના શર્મિષ્ઠા તળાવની પાળે સર્જાયો વિશ્વ રેકોર્ડ

**આત્મનાદ**
પુલક ત્રિવેદી
pulak63@gmail.com



નવેમ્બર મહિનાની ૧૧મી તારીખ અને બે હજાર સોળનું વર્ષ. ગુરુવારની એ સંધ્યાએ આખા ભારત વર્ષે વડનગરના પાદરેથી સંગીતનો નવતર સૂર્યોદય થતો 'ફરી એક' વખત નિહાળ્યો. 'ફરી એક વખત' એટલા માટે કે, અગાઉ સદીઓ પહેલા દીપક રાગના દાહથી સંગીત સમ્રાટ તાનસેનને મલ્હાર રાગ ગાઈને શીતળતાનો મલમ લગાડી આપનારી ગુજરાતના વડગરની બે દીકરીઓ તાના અને રીરીએ ભારતીય શાસ્ત્રીય સંગીતની કલાને વૈશ્વિક ફલક ઉપર મૂકી હતી. આ બે દીકરીઓની યાદમાં ગુજરાત પ્રતિવર્ષ 'તાનારીરી' મહોત્સવ નવેમ્બર મહિનામાં વડનગરમાં ઉજવે છે.

ગુજરાતનું વડનગર આમ પણ વિશ્વના નકશામાં સુવર્ણ ભાત પાડતું ઉપસી આવેલું છે. ગુજરાતના સપૂત અને ભારતના લોકલાડીલા વડાપ્રધાનનું બાળપણ આ નગરની શેરીઓમાથી પાંગર્યું છે. આ નગરના શર્મિષ્ઠા તળાવ સાથે પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીની લાગણીસભર વાતો જોડાયેલી છે. આ વર્ષે ૬૪૦ હારમોનિયમ વાદકોએ વડનગરના શર્મિષ્ઠા તળાવની પાળે રાષ્ટ્રગાન અને રાષ્ટ્રગીતની ધૂન વગાડીને 'ગીનીઝ વર્લ્ડ બૂક'માં સ્થાન પ્રાપ્ત કર્યું. જેમાં સૌથી નાની વયના ત્રણ દીકરા અને બે દીકરીઓ પણ હતી. જ્યારે ૭૯થી ૮૬ વર્ષની વયના બે અને ૧૫ પ્રજ્ઞાચક્ષુ વાદકો પણ હતા. અગાઉ 'ગીનીઝ વર્લ્ડ બૂક'માં એક સાથે ૨૫૦ વાદકોના વાદનનો રેકોર્ડ નોંધાયો હતો. આ સમાચારથી એકે એક ગુજરાતી પોરસાયો. વડનગરના આ વૈશ્વિક રેકોર્ડ સાથે સંગીતની સૂરીલી વાતો સહજ રીતે માનસપટ ઉપર તરવરવા લાગે.

'ગીત નૃત્યને વાદ્ય જો હોયે તાલ સહિત; તાલ મૂલ ગીતાદિ ત્રય, ગ્રહેનામ સંગીત...'

ગાંધીજી કહેતા કે, 'સંગીત વિના બધી કેળવણી મને તો અધૂરી જ લાગે. સંગીત વ્યક્તિગત અને સામાજિક જીવનને માધુર્ય આપે છે. શ્વાસને નિયમમાં લાવવાને સારુ જેમ પ્રાણાયામની આવશ્યકતા છે, તેમ કંઠને સંગીતની છે. જો સામાજિક સંગીતનો પ્રચાર લોકોમાં બહુ થાય તો સભાઓમાં કોલાહલ થાય છે, તે શાંત કરવામાં સંગીત બહુ સહાય આપે છે. સંગીત એટલે રાગડા તાણતા શીખવું અથવા નાટક ગીતો ગાવા એવો અર્થ કદી નહીં. સંગીતનો ઉંડો અર્થ તો એ છે કે, આપણું આખું જીવન સંગીતમય સૂરીલું હોવું જોઈએ. જીવનને સંગીયમય કરવું એટલે તેને ઈશ્વરની સાથે એકતાર કરવું. જેણે રાગદ્વેષાદિને શમાવ્યાં નથી, જેણે સેવારસ ચાખ્યો નથી, એ આ દિવ્ય સંગીતને ઓળખતો જ નથી. જે સંગીતની કેળવણીમાં આ ગૂઢ અર્થનો સમાવેશ ન હોય તે સંગીતની કિંમત મારી પાસે બહુ ઓછી અથવા કંઈ જ નથી.'

શર્મિષ્ઠા તળાવના કિનારેથી જાગેલી સંગીતની આ ઝંકારની સાથે સંગીતના થોડા તાત્વિક અર્થ અને સંદર્ભ સાગમટે મનમાં ઉભરી આવ્યાં. મોટા ભીમકાય યંત્રોનું ચાલકબળ વીજળી છે. ઈલેક્ટ્રોસિટીની સ્વીચ ઓન થતાની સાથે યંત્રના ચક્કરો ફરવા માડે. બિલકુલ એ જ રીતેનો રોલ જીવનમાં આનંદ અને તરલતા સતત સજીવન રાખવા માટે 'સંગીત'નો છે. સંગીત એટલે સમ્ + ગૈ. સંગીત એટલે ગાયન, વાદન અને નૃત્યનો સમાહાર. કેટલાક સંગીતનો અર્થ માત્ર ગાવું એવો કરે છે. જ્યારે કેટલાક માત્ર વાજીંત્ર વગાડવું એવો કરે છે. આ ખ્યાલો બરાબર નથી. સંગીતમાં ત્રણ અંગો હોય છે અને ત્રણેય અંગોનું સામંજસ્ય હોય છે. સારી રીતે ગાવું, કર્ણપ્રિય લયબદ્ધ વાજીંત્ર વાદન અને નૃત્ય ત્રણેય પાસાં સુયોગ્ય પ્રસ્તુત થાય એને જ સંગીત કહેવાય.

સંગીત તાલબદ્ધ રીતે રજૂ કરવું હોય ત્યારે ગાયનની સઘળી રચનાનો સમાસ વાજિંત્રોમાં કરીને વાદનના ઉપયોગમાં લેવા પડે. પરિણામે સાંભળનારનાં મન ઉપર ગાયન અને વાદન બન્ને ક્રિયાનો તાદશ ચિતાર આવી શકે છે. જો કે, સંગીતમાં મોઘમ રીતે 'ગયન' કહેવાય છે. ગાવાથી 'રાગ'નું સ્વરૂપ અને નાચવાથી 'ભાવ'નું સ્વરૂપ સ્પષ્ટ થતું હોય છે. અને એટલે જ તો ગાયન, વાદન અને નૃત્ય આ ત્રણેય મળીને જે ભાવવિશ્વ રચાય એને સંગીતવિદ્યા કહેવાય. 'સંગીતવિદ્યા' અને 'સંગીત કળા' એમ બે વિભાગો છે. સંગીતમાં રાગ, સ્વર, તાલ, લય અને ગ્રામને અનુસરીને ગાવા અને વગાડવા જેવી રચના બને એને 'સંગીતવિદ્યા' કહેવાય. પરંતુ જ્યારે કોઈ રચના ગાઈ, વગાડી અને નાચી શકાય એને 'સંગીતકળા' કહેવાય.

એક એ વાત પણ સમજવા જેવી છે કેટલાક સંગીતની મધુરતા માત્ર કાન સુધી જઈ અટકે છે. જ્યારે કેટલુંક સંગીત કર્ણપ્રિય બની ત્યાંથી આગળ વધીને હૃદયમાં પ્રવેશ કરીને ભાવોર્મી ઉત્પન્ન કરી દેતું હોય છે. સંગીત સાંભળનાર ઉપર આ અસર-પરિણામના આધારે તેને બે વિભાગોમાં વિભાજીત કરવામાં આવે છે. જે શાસ્ત્રીય નિયમોને અનુસરીને રાગની શુદ્ધતા, તાલનું માપ અને સ્વરમાધુર્ય સાચવીને કર્ણને પ્રિય થાય છે તેને 'શુદ્ધ સંગીત' કહેવાય. અને જ્યારે સ્વર માધુર્ય, રાગશુદ્ધિ અને તાલમાપ સાચવવા ઉપરાંત અપૂર્વ કલાવિધાન દ્વારા શ્રોતા ઉપર ભાવોર્મિ ઉત્પન્ન કરી શકે એને 'વિનિયુક્ત સંગીત' કહેવાય છે.

સંગીતના મૂળની ખીલવણી તો પ્રાચીન સમયમાં આર્યોએ પવિત્ર ધાર્મિક વિધિઓમાં કરી. ત્યારબાદ સમયાંતરે આર્યોની આ વંદનામાં જુદા-જુદા નામવાળી ૨૨ શ્રુતિઓ ઉત્પન્ન થઈ. અને આ પ્રત્યેક શ્રુતિઓ ઉપરથી અલગ અલગ રાગ નક્કી થયા. ભારતવર્ષના પુરાણા સંગીતશાસ્ત્રીઓને સ્વરનું અદભૂત જ્ઞાન હતું. આજે શ્રુતિની જાણકારીના અભાવે અથવા શ્રુતિની અવગનાના પરિણામે ભેળસેળીયા રાગ થઈ ગયા છે. આજનું આધુનિક સંગીત કર્ણપ્રિય નથી એમ કહેવાનુ તાત્પર્ય નથી. સમગ્ર ભારતના સંગીતશાસ્ત્રીઓ અને જાણકારોમાં એક ચર્ચા એવી પણ ચાલે છે કે જો રાગ રાગીણીના સ્વરમાધુર્યમાં સુધારો કરવા માગતા હોઈએ અને હિંદનું સંગીત ઉચ્ચ કક્ષાએ લઈ જવાની ઈચ્છા હોય તો શ્રુતિ વિષયક જ્ઞાન પુનઃ સંપાદિત થવું જોઈએ.

પૌરાણિક સમયમાં સંગીતનો ઉપયોગ માત્ર ધાર્મિક વિધિઓ પૂરતો જ સીમિત હતો. સમયાંતરે સર્જનશક્તિને સ્થાન મળે એવી આનંદદાયક સંગીત પદ્ધતિની ઈચ્છા થવા લાગી. જેના પરિણામ સ્વરૂપે રસ પડે એવા કોઈપણ વિષય ઉપર રાગ રાગીણીઓમાં ગવાય એવી તાત્કાલિક ઈમારત બનાવવાની કળા જન્મી. પશ્ચિમની સાથે સરખાવતા હિન્દી સંગીતમાં ધીમે-ધીમે અનોખી રીતે વિકાસ થતો ગયો. સ્વરબદ્ધતા પ્રતિ બહુ લક્ષ્ય અને વલણ ન રાખતાં આર્યોએ સ્વરમાધુર્ય અને તાલનો આકર્ષક રીતે અને કલાપૂર્વક વિકાસ કર્યો. ઋતુ, ભાવ અને દિવસ-રાત્રિના અમુક સમયે અમુક રાગ ગાઈ શકાય, એ પ્રમાણેનું બંધારણ નક્કી કરાયું. આ બધા રાગ જુદા જુદા સૂર અથવા તાલમાં શ્રેષ્ઠ રીતે ગાવાનું શીખવા માટે સંગીત શાસ્ત્રીઓએ વર્ષો સુધી એનો અભ્યાસ કરવો પડે છે.

સંગીતની મધુરતાનો મુખ્ય આધાર સ્વરની કુદરતી ગતિ ઉપર જ રહેલો છે. આપણું સંગીતશાસ્ત્ર પશ્ચિમના સંગીત કરતાં જૂદું છે. સંગીત એ સૌમ્ય, શામક અને આહલાદક કળા હોઈ જ્ઞાનતંતુઓ ઉપર જબરી મીઠી અને શીતળ અસર જન્માવે છે. માનવી ઉપરાંત વન સંપત્તિ, પ્રાણી, પંખી ઉપર સંગીતની અહલાદક અને મીઠી અસરનાં પ્રભાવક પરિણામો જોવા મળે છે. દૂધ દોહતી વખતે 'પારસો' મૂકવાની પ્રક્રિયા પાછળ મુખ્યત્વે આ જ સિદ્ધાંત છે. દોહતી વખતે ગાય પ્રસન્ન હોય તો વધુ દૂધ આપે છે.

સંગીતને આરોગ્ય સાથે સીધો સંબંધ છે. સંગીતમાંથી નિષ્પન્ન થતાં શબ્દો અને અવાજોને શરીરની ધાતુ અને વાહિનીઓ સાથે સીધો સંબંધ હોય છે. આયુર્વેદ વિજ્ઞાન અનુસાર આપણી જ્ઞાનવાહિનીઓ બહારના પાંચ વિષયોને ભોગવે છે. તે અનુસાર શબ્દ એક વિષય છે. શબ્દોને જ્યારે કલાત્મક રીતે ગોઠવીને તેનો ભોગ જ્ઞાનવાહિનીઓ કરે છે ત્યારે તેના પ્રત્યાઘાતો શરીરમાં જે પડે છે તે અત્યંત આરોગ્યપ્રદ હોય છે. ફક્ત જાણકારી એ જ મેળવવાની રહે છે કે કયો સ્વર શરીરના કયા અંગ ઉપર ક્યારે અને કેવી અસર કરે છે. જેમ માનવીને વાત, કફ અને પિત્ત એમ ત્રણ પ્રકૃતિ છે એવી રીતે સંગીતના સાત્ત્વિક, રાજસ અને તમસ એમ ત્રણ વિભાગ છે. કોમળ, મધ્ય અને તીવ્ર ત્રણ સ્વરો છે. પ્રત્યેક ગુજરાતી અને ભારતવાસી સંગીતકલામાં ગુજરાતના આગેકદમથી ગૌરવાન્વિત થઈ રહ્યો છે. અને થાય પણ કેમ નહીં? વડનગરના શર્મિષ્ઠા તળાવની પાળે સર્જાયો છે વિશ્વ રેકોર્ડ. ચાઈનીઝ તત્ત્વચિંતક, વિચારક અને લેખક લાઓત્સે કહે છે કે, આત્મામાંથી નીકળતું સંગીત સમગ્ર બ્રહ્માંડમાં સંભળાય છે. સંગીત એક સાધના છે, સંગીત એક સાધન પણ છે. સંગીત એક શસ્ત્ર છે, સંગીત એક શાસ્ત્ર પણ છે. સંગીત શ્વાસ છે અને સંગીત વિશ્વાસ પણ છે.

